અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ATS અને કોસ્ટલ સિક્યુરીટી)ને ખાતાના વડા અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ATS તથા પોલીસ મહાનિરીક્ષકશ્રી, કમાન્ડો ફોર્સ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, કોસ્ટલ સિક્યુરીટીને પ્રાદેશિક વડા તરીકે જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક : **HD/MHK/e-file/8/2024/1406/C**

સચિવલાય, ગાંધીનગર

તારીખ : /૦૮/૨૦૨૪

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરનો તારીખ ૧૮/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક : ઈ-૨/૧૫૩૬/ખા.પ્રા.વડા/૩૧૮૮/૨૦૨૩.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરનો તારીખ ૧૦/૦૬/૨૦૨૪નો પત્ર ક્રમાંક : ઈ-૨/૧૫૩૬/ખા.પ્રા.વડા/૧૨૮૦/૨૦૨૪.

(૩) નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ના પારા ૮ અને ૯.

**ઠ રા વ :-**

પોલીસ મહાનિરીક્ષકશ્રી (ATS), અમદાવાદ કચેરી ખાતે ગુજરાત રાજ્યમાં ચાલતી આંતકવાદી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે તેમજ આંતકવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ આરોપીની ગુપ્ત રાહે માહિતી એકઠી કરવાની કામગીરી, સોશિયલ મીડિયા થકી ચાલતી દેશ વિરોધી તથા આંતકવાદી પ્રવૃત્તિ ઉપર ઉંડાણ પૂર્વક દેખરેખ રાખવા અત્યાધુનિક સોફ્ટવેરોની આવશ્યકતા રહે છે. તેમજ ATS કરવામાં આવતા એન.ડી.પી.એસ.ના કેસોમાં આરોપીઓ પાસેથી જપ્ત કરેલ માદક પદાર્થોના પુષ્ટિકરણ સ્થળ પર જ કરવા માટે જરૂરી સાધનસામગ્રીની ખરીદી તથા અન્ય કરવાની રહેતી હોય છે. જે ખરીદ કરવાની પ્રક્રિયા ખુબ જ લાંબી અને જટિલ હોય છે. જેમા ખરીદીની મંજૂરી મેળવવામાં વિલંબ થતો હોય, જે ધ્યાને લઇ, અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ATS અને કોસ્ટલ સિક્યુરીટી)ને વહીવટી અને નાણાંકીય તમામ હેતુ માટે 'ખાતાના વડા' અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ATS તથા પોલીસ મહાનિરીક્ષકશ્રી, કમાન્ડો ફોર્સ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, કોસ્ટલ સિક્યુરીટીને 'પ્રાદેશિક વડા' જાહેર કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૮/૧૨/૨૦૨૩ના પત્રથી દરખાસ્ત કરેલ. જેને મંજૂરી આપવાની બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮માં દર્શાવેલ સત્તાની રૂએ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ATS અને કોસ્ટલ સિક્યુરીટી)નાઓને 'ખાતાના વડા' અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ATS તથા પોલીસ મહાનિરીક્ષકશ્રી, કમાન્ડો ફોર્સ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, કોસ્ટલ સિક્યુરીટી નાઓને 'પ્રાદેશિક વડા' ફક્ત નાણાકીય બાબતો માટે જાહેર કરવા આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર તારીખ /૦૮/૨૦૨૪ની અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મોદી

ઉપ સચિવ

Signature Not Verified

Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.08.16
12:28:23 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકની કચેરી, ATS અને કોસ્ટલ સિક્યુરીટી, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર જીલ્લો, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બી શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.08.16
12:28:23 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign